દૂર પડ્યો નિજ ધામથી હું, ને ઘેરે ઘન અંધાર, માર્ગ સુઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ, મારો જીવનપંથ ઉજાળ

રાજ્યમાં વધુ ૪૧૨ નવા કેસ : અમદાવાદમાં ૨૮૪ : ગાંધીનગરમાં ૧૨

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ
દો ગજની દૂરીનો અમલ કરીએ..
સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૮૧ | ૩૧ મે, ૨૦૨૦, રવિવાર; જેઠ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

અનલોક-૧ ૮મી જુનથી ધર્મસ્થાનો, હોટલ, રેસ્ટોરન્ટ અને શોપીંગ મોલ ખુલશે

હવે, રાત્રે ૯થી સવારે ૫ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યુ રહેશે : ૮મી બાદ કન્ટેન્મેન્ટ ઝોન સિવાય હોટલ, રેસ્ટોરન્ટ, ધર્મસ્થળોને ખોલાશે : કેન્દ્ર સરકારે હવે લોકડાઉન ખોલવાનું શરૂ કર્યું છે અને તેનું નામ અનલોક ૧ રાખ્યું છે : કન્ટેન્ટમેન્ટ ઝોન બહાર તબક્કાવાર મુક્તિ આપવામાં આવશે

નવીદિલ્હી, તા. ૩૦

ગૃહ મંત્રાલયે લોકડાઉન નાબૂદ કર્યું છે અને અનલોક ૧ માર્ગદર્શિકા અને નિયમો જારી

કર્યા છે. આ અંતર્ગત કન્ટેન્ટ ઝોનની બહાર તબક્કાવાર મુક્તિ આપવામાં આવશે, પરંતુ હાલમાં કન્ટેનમેન્ટ ઝોનમાં સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. જો કે, જરૂરી પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે. અનલોક ૧ ની આ માર્ગદર્શિકા ૧ જૂનથી ૩૦ જૂન સુધી ચાલુ રહેશે. ચાલો આપણે જાણીએ કે તેમાં શું ખોલવામાં આવશે.લોકડાઉનનું રાજ્ય રાજ્યો પર છોડવું જોઈએ અને કેન્દ્રોએ રાજ્યોને સંપૂર્ણ મદદ કરવી જોઈએ. રાજ્યોના ઘણા બધા નાણાં પણ કેન્દ્રને દેવું છે, તે તાત્કાલિક પરત આપવું જોઈએ. રાત્રિનું કર્ફ્યુ ચાલુ રહેશે. આવશ્યક બાબતો માટે કોઈ કર્ફ્યુ રહેશે નહીં. નાઈટ કર્ફ્યુ હવે રાત્રે ૯ થી સવારે ૫ વાગ્યા સુધી રહેશે. હમણાં સુધી તે સાંજના ૭ થી ૭ સુધીનો હતો. સરકાર શાળા-કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ ખોલવા પાછળથી નિર્ણય લેશે. મંદિર-મસ્જિદ-ગુરુદ્વારા-ચર્ચ ખોલવામાં આવશે.

ઘણા રાજ્યો ઈચ્છતા હતા કે લોકડાઉન તબક્કાવાર ખોલવામાં આવે. જુલાઈથી બીજા તબક્કામાં શાળાઓ અને કોલેજો ખોલવામાં આવી શકે છે. રેસ્ટોરાં અને હોટલો ૮ જૂનથી ખુલશે. સામાજિક અંતર અને માસ્ક પહેરવાનું જરૂરી રહેશે. ધાર્મિક સ્થળો અને સલુન્સ ખોલવામાં આવશે, પરંતુ કેટલીક શરતોનું પાલન કરવું પડશે. એક રાજ્યથી બીજા રાજ્યમાં જવા પરનો પ્રતિબંધ સંપૂર્ણપણે હટાવવામાં આવ્યો છે. રાજ્ય પણ એક જિલ્લાથી બીજા જિલ્લામાં જઈ શકશે, પરંતુ સામાજિક અંતરને અનુસરવું પડશે. ક્યાંક જતાં પહેલાં કોઈની પરવાનગી લેવાની જરૂર નથી. હવે રાજ્ય સરકારોને વધુ સત્તા આપવામાં આવી છે. રાજ્યોમાં બસ અને મેટ્રો સેવાઓ કેવી રીતે શરૂ થશે તે રાજ્ય સરકાર નક્કી કરશે. કેન્દ્ર સરકારે પ્રતિબંધ હટાવ્યો છે, પરંતુ રાજ્ય સરકાર તેના સ્તરે પ્રતિબંધ લાદી શકે છે. કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં પહેલેથી જ કહ્યું હતું કે લોકડાઉન પ.૦ એકદમ સામાન્ય રહેશે. તેમણે કહ્યું, 'ફક્ત થોડા જ ક્ષેત્રમાં પ્રતિબંધો લાદવામાં આવશે. બાકીનું જાહેર જીવન ખુલી જશે. તેમણે કહ્યું કે વર્તમાન પરિસ્થિતિ હંમેશા રહેશે નહીં. લોકોને મોટાપાયે મુક્તિ આપવામાં આવી છે અને હવે તેઓ સામાન્ય જીવનની અપેક્ષા રાખે છે. કોરોના વાયરસના ચેપને રોકવા માટે દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ લોકડાઉન ચાર વખત વધારવામાં આવ્યું છે. ૩૧ મેના રોજ લોકડાઉન ૪ નો સમયગાળો પણ પૂરો થઈ રહ્યો છે, જેમાં લોકો અટકળો કરી રહ્યા છે કે આ લોકડાઉન આગળ વધશે કે નહીં. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકરે લોકડાઉન પ.૦ વિશે કેટલીક મહત્વપૂર્ણ વાતો કહી હતી. તેમણે કહ્યું કે હવે આ લોકડાઉન ઘણી હદ સુધી ઘટાડવામાં આવશે. તેનો અર્થ એ છે કે લોકો પાસેથી ઘણા નિયંત્રણો હટાવવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીત દરમિયાન કહ્યું હતું કે લોકડાઉન પ.૦ એકદમ સામાન્ય રહેશે. ફક્ત થોડા જ ક્ષેત્રમાં પ્રતિબંધો લાદવામાં આવશે.

આર્થિક પ્રવૃત્તિમાં આંશિક છુટછાટો આપી ૧૨ કલાક કામ અને ૧૨ કલાક ઘરમાં રહેવાની ટેવ પાડવી પડશે. ધો.૧૦ અને ૧૨ના પરિણામ બાદ ઓનલાઈન એડમીશન અપાશે પરંતુ શાળા-કોલેજો દરેક પોતાની રીતે શરૂ કરશે.

શાળા-કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ ખોલવાનો નિર્ણય રાજ્ય સરકાર બીજા ફેઝમાં કરશે : વિદેશ યાત્રા, મેટ્રો, સિનેમા હોલ, જીમ, પાર્ક, બાર અને ઓડિટોરીયમ તથા રાજકીય-ધાર્મિક મેળાવડા પર ૩૦મી જુન સુધી પ્રતિબંધ

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૬૦૮૫૯૯૪	૩૬૮૪૪૭	૨૬૮૫૩૯૨
ભારત	૧૮૧૧૪૫	૫૧૫૮	૮૬૪૨૭
ગુજરાત	૧૬૩૫૬	૧૦૦૭	૯૨૩૦
ગાંધીનગર	૨૬૧	૧૪	૧૫૦

દેશ કોરોના સામેનો જંગ જીતીને જ રહેશે : મોદી

મોદી સરકારના બીજા કાર્યકાળને એક વર્ષ પૂર્ણ : વડાપ્રધાને દેશવાસીઓને લખ્યો પત્ર : કોરોના જંગમાં ભારતે દુનિયાની વિચારસરણી બદલી : ધૈર્ય બનાવી રાખો : સામૂહિક પ્રયાસોથી જીત મળશે : હવે આપણે આપણા પગ પર ઉભા રહેવું જ પડશે

ન્યુ દિલ્હી,તા.૩૦

કોરોનાથી આખો દેશ લાંબી જંગ લડી રહ્યો છે. આ બધાની વચ્ચે ૨૯મી મેના રોજ મોદી સરકારના બીજા કાર્યકાળને એક વર્ષ પૂરું થયું. પીએમ નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને લખેલા પત્રમાં કોરોનાની વિરૂદ્ધની લડાઈમાં એકજૂથતા અને દ્રઢ નિશ્ચયના જોરદાર વખાણ કર્યા છે. પીએમ પત્રમાં લખ્યું છે કે અત્યંત કષ્ટ ઉઠાવવા છતાંય દેશવાસીઓના મહાન પ્રયાસથી એ સુનિશ્ચિત થયું કે અસુવિધા એક તબાહીમાં બદલાઈ ના જાય.

પીએમ મોદીએ લખ્યું, 'તમે સાબિત કર્યું છે કે ભારતીયોની સામૂહિક શક્તિ અને તાકાત વિશ્વના અન્ય શક્તિશાળી અને સમૃદ્ધ દેશો કરતાં ઘણી આગળ છે. આટલા મોટા સંકટ સમયમાં એવો બિલકુલ દાવો કરી શકાય નહીં કે કોઈને અસુવિધા કે પરેશાની ના થઈ હોય. નાના ઉદ્યોગોમાં કામ કરતા આપણા કામદારો, પ્રવાસી મજૂરો, મિસ્ત્રી અને કામદારોની

● અનુસંધાન પાન-૭ પર

છેલ્લે... છેલ્લે...

- દિલ્હીથી મોસ્કો ગયેલ વિમાનમાં પાયલોટને કોરોના પોઝિટિવ હોવાની જાણ થતાં વિમાન પરત લવાયું.
- ગુજરાતમાં ૧લી થી ૩૦ મે દરમિયાન ૧૧ હજાર નવા કેસ નોંધાયા.
- પેટ્રોલ અને સીએનજીની હોમ ડિલિવરી કરવા કેન્દ્રની વિચારણા
- આવતીકાલથી દેશમાં ગમે ત્યાંથી સસ્તુ અનાજ મેળવી શકાશે. વન નેશન - વન રેશનકાર્ડ અમલી.
- શ્રમિકોની ટ્રેનમાં ૮૦થી વધુ શ્રમિકોના મૃત્યુ થયાનું સત્તાવાર સુત્રોનું સમર્થન

દેશમાં કોરોના બેફામ : ૨૪ કલાકમાં ૮૧૩૪ કેસો

દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧,૭૩,૪૯૧, છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૫ના મોત : મૃત્યુઆંક ૪૯૮૦એ પહોંચ્યો : પહેલી વખત દેશમાં જેટલા દર્દી વધ્યા તેનાથી દોઢ ગણા સાજા થયા : ૮૨૩૭૦ એક્ટિવ કેસ : છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૨૬૪ લોકો સ્વસ્થ્ય થયા, રિકવરી રેટ વધીને ૪૭% થયો

ન્યુ દિલ્હી,તા.૩૦

દેશમાં એક તરફ લોકડાઉન-૪માં વધારો કરવાની તૈયારીઓ સાથે જાણે એકાએક કોરોના વાઈરસનો બોંબ ફૂટ્યો હોય તેમ છેલ્લાં ૨૪ કલાકમાં ૮,૧૩૪ કેસો બહાર આવતાં હાહાકાર મચી ગયો હતો. તેની સાથે છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૨૬૫ દર્દીઓના મોત થયા છે. કેસો અને મોતનો આંકડો અત્યારસુધીમાં સૌથી વધારે છે. આવતીકાલ ૩૧ મેના રોજ લોકડાઉન-૪ની મુદત પૂરી થઈ રહી છે અને નવી ગાઈડલાઈન સાથે લોકડાઉન-પની જોહેરાતની પૂર્વ સંધ્યાએ જ કેસો અને મોતનો આંક ભયજનક માનવામાં આવી રહ્યાં છે. લોકડાઉન ખુલવાના સમયે જ કેસો વધારે બહાર આવતા હોવાની પણ એક પેટર્ન જોવા મળી રહી છે. દર્દીઓના કેસમાં ભારત દુનિયાના ૯મા નંબરે પહોંચી ગયું છે. હાલમાં અમેરિકા પહેલા સ્થાને છે. એશિયામાં કોરોનાથી સૌથી વધારે સંક્રમિત દેશ તરીકે ભારતની ગણના કરવામાં આવી રહી છે. જો કે ભારતમાં કોરોના રીકવરી રેટ વધીને ૪૭ ટકા સધી પહોંચી ગયો છે. દરમ્યાનમાં લોકડાઉનની વચ્ચે ભાજપે આજે મોટી સરકાર ૨.૦ના એક વર્ષની ઉજવણી લોકડાઉનના નિયમોના પાલન સાથે કરી હતી.

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસને રોકવા માટે ૨૫ માર્ચના રોજ લાગૂ કરાયેલા લોકડાઉન-૧ હવે લોકડાઉન-પ એટલે કે પાંચમા તબક્કામાં પ્રવેશવાની તૈયારીમાં છે ત્યારે એકાએક કેસોની સંખ્યા વધી જતાં સત્તાવાળાઓ પણ ચિંતામાં મૂકાઈ ગયા હતા. શું આ કોમ્યુનિટી સંક્રમણનો અતિ ખતરનાક તબક્કો તો નથી ને? એવો સવાલ પણ પૂછાઈ રહ્યો હતો. આ તબક્કો સૌથી ભયાનક અને ચરમસીમા સમાન મનાય છે.

કુલગામમાં બે આતંકી ઠાર

કુલગામ,તા.૩૦

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં પોલીસ અને સ્થાનીક સુરક્ષાદળોએ બે આતંકીઓને ઠાર કર્યા છે. કુલગામના વામપોરામાં પોલીસને ગુપ્ત જાણકારી મળી હતી કે બે આતંકી છુપાયેલા છે, ત્યારબાદ તેને ઠાર કરી દેવામાં આવ્યા છે.

શરૂઆતી જાણકારી પ્રમાણે સુરક્ષાદળોને ઈનપુટ મળ્યા હતા કે બંન્ને આતંકી લશ્કર-એ-તૈયબાના હતા. હવે અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે, બંન્ને આતંકી હિઝ્બુલ મુઝાહિદ્દીનના હતા. તેની ઓળખ અત્યાર સુધી થઈ શકી નથી. માહિતી મળ્યા બાદ સુરક્ષાદળોએ આતંકીઓ વિરુદ્ધ સંયુક્ત સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું.

અમેરિકાના WHO સાથેના તમામ સંબંધોનો અંત : ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૩૦

કોરોના વાઈરસ અને હોંગકોંગને લઈને ગુસ્સે ભરાયેલા અમેરિકાએ ચીનની સામે નવો મોરચો માંડ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ વિશ્વ આરોગ્ય સંસ્થા પર ચીને કબજો કર્યો હોવાનો આરોપ લગાવતાં આ યુએન આરોગ્ય સંસ્થાથી અમેરિકાના તમામ સંબંધો ખતમ કરવાની જાહેરાત કરી છે. તેમણે ચીનની સામે નવા પ્રતિબંધ પણ જાહેર કર્યા હતા. આમાં હોંગકોંગમાં વહીવટ માટે જવાબદાર ચીની અધિકારીઓના અમેરિકામાં આવાગમન પર પ્રતિબંધો લાગુ કરવાની સાથે કેટલીક છૂટછાટને ખતમ કરવાની જાહેરાત કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

વિશ્વમાં કેસોની સંખ્યા ૬૦ લાખને પાર

નવી દિલ્હી,તા.૨૯

વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયામાં કેસોની વાત કરવામાં આવે તો આંકડો ૬૦ લાખથી પણ ઉપર પહોંચી ચુક્યો છે. કેસોનો આંકડો ૬૦૫૮૧૯૬ પર પહોંચી ચુક્યો છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૨૬૮૨૨૫૪ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૩૦૦૮૫૫૭ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૩૬૭૩૮૫ ઉપર પહોંચી રહ્યો છે. મોતનો આંકડો પણ ત્રણ લાખથી ઉપર પહોંચી ચુક્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૩૬૧૪ પર પહોંચી ચુકી છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઈ રહી છે. દુનિયામાં વાયરસનો આતંક યથાવત રીતે જારી રહ્યો છે. કેસોની સંખ્યામાં આવિરતપણે વધારો થઈ રહ્યો છે. દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો આને લઈને ભારે ચિંતિત બનેલી છે. વિશ્વભરમાં કોરોના વાયરસનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. વિશ્વમાં સૌથી પ્રભાવિત દેશોમાં અમેરિકાનો સમાવેશ થાય છે. અમેરિકાની સ્થિતિ ખુબ જ ગંભીર બનેલી છે. ત્યારબાદ સ્પેનનો સમાવેશ થાય છે. જ્યારે જાપાન, ચીન સહિતના દેશોમાં સ્થિતીમાં સુધારો થયો છે. લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૫૯૩૩૬૨૨ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૫૯ લાખથી પણ ઉપર પહોંચી ચુક્યો છે. કોરોના વાયરસની વેક્સિન શોધવા માટે દુનિયાના તમામ વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ આશાનું કોઈ કિરણ હજુ સુધી દેખાઈ રહ્યું નથી. દુનિયાના તમામ દેશો અને નાગરિકો કોરોનાને કારણે ત્રાહિમામ પોકારી ગયા છે.